પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૦ | ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૨, શનિવાર; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સિદ્ધિ : દેશમાં ૯૬ ટકાને એક ડોઝ અપાયો

## દેશ સુપર પાવર બનવાની નજીક : ૭૫ ટકાથી વધુ વસતીને બે ડોઝ આપવામાં આવી ચુક્યા છે : મોટાભાગના લોકો સામાન્ય દવાઓ લઈને સાજા થઈ ગયા હતા, ૯૬ ટકા વસતીનું રસીકરણ અભિયાન સાથે જોડાવું દેશની તાકાત છે

નવી દિલ્હી,તા.૧૧

કોરોના વેક્સીન વિકસિત કરવા અને ઉત્પાદન ક્ષેત્રમાં ભારત દુનિયાનું સુપર પાવર બનવાની નજીક છે. આ વાત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) ના ડાયરેક્ટર ડો. બલરામ ભાર્ગવે કહી છે. તેમણે જણાવ્યું કે, રસીકરણ યોગ્ય દેશની ૯૬ ટકા વસ્તીને અત્યાર સુધી પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે, જ્યારે ૭૫ ટકાથી વધુ વસ્તીને બે ડોઝ આપવામાં આવી ચુક્યા છે. ડો. ભાર્ગવે જણાવ્યું કે મેસેન્જર આરએનએ (એમઆરએનએ) વેક્સીનની ક્લીનિકલ ટ્રાયલના ત્રણ તબક્કા પૂરા થઈ ચુક્યા છે. આ વેક્સીન કોરોના સંક્રમણથી બચાવ સિવાય ભવિષ્યમાં અન્ય બીમારીઓની સારવાર માટે ઉપયોગ થઈ શકશે. જો અમારી સંસ્થાઓના કાર્યોને જોવામાં આવે તો અમને તે કહેવામાં કોઈ શંકા નથી કે આપણે જલદી વેક્સીન સુપર પાવર હશું. વેક્સીન દ્વારા આપણે અન્ય બીમારીઓને રોકવામાં સફળ થશું. આઈસીએમઆરના પ્રમુખે કહ્યું મોટી સંખ્યામાં દેશના લોકોએ રસીકરણ અભિયાનમાં સામેલ થવાનો ઉત્સાહ દેખાડ્યો, તેનું પરિણામ છે કે કોવિડ મહામારીની ત્રીજી લહેરને રોકવામાં આપણે સફળ રહ્યાં. ત્રીજી લહેરમાં ખુબ ઓછા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી. મોટાભાગના લોકો સામાન્ય દવાઓ



લઈને સાજા થઈ ગયા હતા. ૯૬ ટકા વસ્તીનું રસીકરણ અભિયાન સાથે જોડાવું આપણા દેશની તાકાત છે. એમઆરએનએ વેક્સીનના મહત્વને સ્પષ્ટ કરતા નીતિ આયોજના સભ્ય ડો. વીકે પોલેસ કહ્યુ કે, આપણે આ પ્રકારની વેક્સીનની જરૂર છે. આ વેક્સીનનું નવું પ્લેટફોર્મ છે. અમે આ પ્લેટફોર્મ પર વેક્સીન વિકસિત થતી જોઈ છે. કોરોના વાયરસને રોકવા માટે આ પ્રકારની વેક્સીન બનાવવામાં આવી છે. દુનિયામાં આ પ્રયોગ સફળ રહ્યો છે. આ વેક્સીન અસરકારક રહી છે. આ વેક્સીન માનવતા માટે ભેટ છે. તેમાં દરેક વેરિએન્ટના કોવિડને રોકવામાં સફળતા મળી છે. ભવિષ્યમાં થનારી બીમારીઓને આ પ્રકારે રોકવાનો માર્ગ મળ્યો છે. ભારતમાં પુણેની કંપની જેનોવા બાયો ફાર્માસ્યુટિકલે આ દિશામાં નોંધનીય કાર્ય કર્યું છે.

# દેશમાં હિજાબનો ઘેરો બનતો વિવાદ

## શાળાથી આરંભાયેલ વિવાદ સુપ્રીમમાં પહોંચ્યો : દેશના ચાર રાજ્યોમાં દેખાવો થતાં ભારે ઉત્તેજના : હિજાબ પર કર્ણાટક HCના આદેશ વિરુદ્ધ સુપ્રીમમાં અરજી



કર્ણાટકમાં હિજાબ વિવાદને લઈને દેશના અલગ અલગ ભાગોમાં મુસ્લિમ સમુદાય તરફથી પ્રદર્શન થઈ રહ્યા છે. પ્રદર્શનની આંચ હવે મહારાષ્ટ્રના માલેગાંવ સુધી પહોંચી ગઈ છે. અહીં જમીયત ઉલેમાએ ભીડ એકઠી કરીને કર્ણાટક ભાજપની સરકાર વિરુદ્ધ પ્રદર્શનો કર્યા હતા. વિરોધ પ્રદર્શન જોતા મહારાષ્ટ્રના ગૃહમંત્રી દિલીપ પાટિલે તમામને શાંતિની અપીલ કરી હતી. માલેગાંવમાં હિજાબ પહેરવાના સમર્થનમાં કાલે ભારે સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને કર્ણાટક સરકાર વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. આજે કર્ણાટકમાં એક મૌલાનાએ નાસિક જિલ્લાના માલેગાંવમાં હિજાબ દિવસ મનાવવાની જાહેરાત કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, બુલઢાણા, બીડ અને માલેગાંવમાં કલમ ૧૪૪ લગાવી હતી.

કર્ણાટકની શાળા-કોલેજોમાં બિજાબના વિવાદે મોટુ સ્વરૂપ ધારણ કરી લીધું છે. હવે કર્ણાટકની સ્કૂલ-કોલેજોમાં હિજાબ પર વચગાળાના પ્રતિબંધના હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આદેશને મુસ્લિમ યુવતીઓ સાથે ભેદભાવ ગણાવ્યો છે. સાથે આદેશ પર તત્કાલ પ્રતિબંધ લગાવવાની માંગ કરવામાં આવી છે. બેંગલુરૂમાં રહેતા મોહમ્મદ આરિફ સિવાય કર્ણાટકની મસ્જિદ, મદરેસાના સંગઠને પણ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીકર્તા આજે સુપ્રીમ કોર્ટ પાસે સુનાવણીની માંગ કરી રહ્યાં છે. કર્ણાટક હાઈકોર્ટે હિજાબ વિવાદ પર સુનાવણી કરતા ગુરુવારે આદેશ આપ્યો હતો કે અંતિમ આદેશ સુધી વિદ્યાર્થીઓ માટે કોઈપણ ધાર્મિક પ્રતીકની મંજૂરી નથી. કોર્ટના આ વચગાળાના આદેશ બાદ હવે શાળા-કોલેજોમાં હિજાબ અને કેસરી ગમછા બંનેનો ઉપયોગ બંધ કરવો પડશે.

# ક્રિપ્ટોકરન્સીની માન્યતાનો નિર્ણય લેવાયો નથી : સીતારમણ

## ક્રિપ્ટોકરન્સીને લિગલ દરજ્જા પર નાણાંપ્રધાને પ્રથમ વખત મૌન તોડ્યું : બજેટમાં ક્રિપ્ટો કરન્સીની આવક પર ૩૦ ટકાના દરે ટેક્સ ઝીંકવામાં આવ્યો ત્યારે ઘણા લોકોને લાગ્યું કે સરકારે ક્રિપ્ટોને લિગલ માન્યતા આપી દીધી છે



નવી દિલ્હી, તા.૧૧

ક્રિપ્ટો કરન્સીને ભારતમાં લિગલ દરજ્જો મળ્યો છે કે નહીં તે વિશે જાતજાતની અટકળો થાય છે ત્યારે નાણામંત્રી નિર્મલા સીતારમણ એ આ મુદ્દે પહેલી વાર મૌન તોડ્યું છે. નાણામંત્રી સીતારમણે આજે સ્પષ્ટતા કરી કે ક્રિપ્ટો કરન્સી પર બજેટમાં ટેક્સ નાખવામાં આવ્યો તેનો અર્થ એવો નથી કે ક્રિપ્ટોને કાનૂની માન્યતા મળી છે. તેમણે કહ્યું કે અમે ક્રિપ્ટોને લિગલ બનાવવાનો, પ્રતિબંધ મુકવાનો કે રેગ્યુલેટ કરવાનો કોઈ નિર્ણય લીધો નથી. તાજેતરમાં બજેટમાં ક્રિપ્ટો કરન્સીની આવક પર ૩૦ ટકાના દરે ટેક્સ ઝીંકવામાં આવ્યો ત્યારે ઘણા લોકોને લાગ્યું કે સરકારે ક્રિપ્ટોને લિગલ માન્યતા આપી દીધી છે. પરંતુ નિર્મલા સીતારમણના આ નિવેદન પછી તેમને આંચકો લાગ્યો છે. નાણામંત્રીએ જણાવ્યું કે, હું તેને નથી લિગલ માન્યતા આપી રહી કે નથી પ્રતિબંધ મુકી રહી. આ વિશે

● અનુસંધાન પાન-૭ પર



સ્વ. રમેશભાઈ કાશીભાઈ પટેલ
સ્વર્ગવાસ : તા. ૧૦-૨-૨૦૨૨

## શ્રદ્ધાંજલિ

લાગણીથી છલોછલ આપનો સ્વભાવ
દરેક માટે કંઈ કરી છુટવાની ભાવના
માર્ગદર્શનના ઘેઘુર વડલા સમાન મુરબ્બી રમેશભાઈ,
અચાનક અમારી વચ્ચેથી અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા,
હવે ક્યાં મળશે અમને એ હુંફ, હેત
અને સૌને પોતાના કરી લેતી નિર્મળ લાગણીઓ...
આપનું સ્મરણ સદાય અમારા હૃદયમાં રહેશે.
પરમ કૃપાળુ પ્રભુ આપના આત્માને
શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**બેસણું**
તા. ૧૪-૨-૨૦૨૨, સોમવાર
સમય : સવારે ૮-૩૦ થી ૧૧-૩૦

**સ્થળ**
ગ્રીનસીટી સોસાયટીની બાજુમાં,
વાવોલ, ગાંધીનગર

**લિ.**

અશોકભાઈ ચતુરભાઈ પટેલ
વિનોદભાઈ ઈશ્વરભાઈ પટેલ
ગોરધનભાઈ કાશીભાઈ પટેલ
દિપકભાઈ મગનભાઈ પટેલ

રીતેશ રમેશભાઈ પટેલ
ધવલ ગોરધનભાઈ પટેલ
દિપેશ ગોરધનભાઈ પટેલ
કમલેશ ઘનશ્યામભાઈ પટેલ
રાજીવ ઘનશ્યામભાઈ પટેલ

હિરેન અશોકભાઈ પટેલ
હર્ષિલ અશોકભાઈ પટેલ
રાકેશ ભુપેન્દ્રભાઈ પટેલ
કૃણાલ દિપકભાઈ પટેલ

શુભમ્ ● કેવલ ● કેયુર ● આર્યન ● જેનીલ ● સ્પંદન ● જ્યાન્સુ ● અવિશ ● અવ્યન ● રશ્મિતાબેન ● પારૂલ ● ધાર્વી

ફર્મ : કે. અશોકકુમાર શ્રોફ

મો. - ૯૪૨૬૦ ૦૧૫૬૪ - અશોકભાઈ
મો. - ૯૮૨૪૩ ૬૮૬૯૮ - રીતેશભાઈ